# પત્રક ભાગ-૨
# પંદરમી ગુજરાત વિધાનસભા

## બુધવાર, તા.૧૪મી ફેબ્રુઆરી, ૨૦૨૪

### ૧૧૭. છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરવા માગતા સભ્યશ્રીઓના નામોનું બેલટ

સભાઓની તારીખવાર યાદી(કામચલાઉ)માં દર્શાવ્યા મુજબ પંદરમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્ર માટે છેલ્લા દિવસના પ્રસ્તાવની ચર્ચા માટે ગુરૂવાર, તા.૨૯/૦૨/૨૦૨૪નો દિવસ નકકી થયો છે. આ દિવસે જે સભ્ય છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરવા માગતા હોય તે સભ્યશ્રીઓના નામનું બેલટ બુધવાર, તા.૨૧/૦૨/૨૦૨૪ના રોજ સભાગૃહના વિરામ સમયમાં ગુજરાત વિધાનસભા સચિવાલયના ત્રીજા માળે, ઉપ સચિવ, શ્રીમતી નેહા કે. સુથારની ચેમ્બરમાં યોજવામાં આવશે.

છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરવા માગતા દરેક સભ્યશ્રીએ આ સાથે રાખેલ નમૂનામાં જરૂરી વિગત ભરી પોતાની ઇચ્છાદર્શક સૂચના સોમવાર, તા.૧૯/૦૨/૨૦૨૪ના રોજ સાંજના ૦૫-૦૦ વાગ્યા સુધીમાં આ સચિવાલયને મળી જાય તે રીતે મોકલવાની રહેશે. તે પછી મળેલી સૂચનાઓ સ્વીકારી શકાશે નહિ.

બેલટમાં જે સભ્યશ્રીનું નામ આવે તેમણે તેમનો પ્રસ્તાવ સોમવાર, તા.૨૬/૦૨/૨૦૨૪ના રોજ બપોરના ૦૨-૦૦ વાગ્યા સુધીમાં આ સચિવાલયને મળી જાય તે રીતે મોકલી આપવાનો રહેશે.

બેલટ વખતે માનનીય સભ્યશ્રીઓ હાજર રહી શકશે.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.

ડી. એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.